# ઈડર-અંબાજી હાઈવે પરના રાણી તળાવ પાસે ચાલુ ગાડીમાં આગ લાગી

## મારુતિ ૮૦૦ ની સી.એન.જી.ગેસ કીટ માં ચાલુ ગાડી આગમાં લપેટાઈ : સમય સુચકતા થી ચાલક નો બચાવ



ઈડર (બ્યુરો ઓફીસ), તા. ૧૧ ઈડર ના રાણી તળાવ પાસે આજે બપોરે ના સમયે ચાલુ ગાડી એ એકાએક આગ લાગતા મારુતિ ૮૦૦ કાર બરીને ખાખ થઈ ગઈ હતી,ગાડીના ચાલક સમય સુચકતા સાચવી ચાલુ ગાડી એકાએક ઉભી રાખી ઉતરી પડતા બચાવ થયો હતો.

ઉનાળા ની શરૂઆત થઈ છે ,ત્યારે ગાડીઓમાં આગ લાગવાના બનાવો સામે આવતા થાય છે ઈડર માં થોડા સમય પહેલાજ બળેલા તળાવ નજીક ચાલુ ગાડીમાં આગ લાગવાનો બનાવ બન્યો હતો ,ત્યારે આજે બપોરે ઈડર -અંબાજી હાઈવે પર ના રાણી તળાવ પાસે ચાલુ મારુતિ ૮૦૦ કારમાં લગાવેલ સી.એન.જી ગેસ કીટ માં એકાએક આગ લાગતા ગાડી આગમાં બળીને ખાખ થઈ જાવા પામી હતી,ચાલુ ગાડી એ આગ લાગતા ગાડીનો ચાલક એકાએક ગાડી રોડની બાજુમાં ઉભી રાખી આગમાંસળગતી ગાડી માંથી બહાર નીકળી જતા કોઈ જાન હની ટળી હતી,ચાલુ ગાડી એ આગ લાગવાના કારણે રોડ પર ટ્રાફિક જામ થતા ,ઈડર પોલીસે ટ્રાફિક દૂર કર્યો હતો અને ઈડર ફાયરબ્રિગેડ ની ટીમે આગ પાર નો કાબુ મેરવ્યો હતો.

# કારકૂન ચિરાગ પંચાલને મોટાં માથાંએ ફસાવ્યાની આશંકા

## રાજ્યનો ગૃહ વિભાગ સત્ય બહાર લાવે : સાબરકાંઠા પોલીસના સુરક્ષા સેતુમાં રૂા.૧.૨૦ કરોડથી વધુની ઉચાપતની આશંકા : અગાઉના ડી.એસ.પી.ના પગ નીચે રેલો આવવાની સંભાવના..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧ સાબરકાંઠા પોલીસના સુરક્ષા સેતુ ગ્રાન્ટની ઓડિટ ન કરાવતાં હાલ અરવલ્લી પોલીસ વડા કચેરીમાં ફરજ બજાવતા ચિરાગ પંચાલને ફરજ મોકુફ કરાયા છે. બહાર આવતી ચોંકાવનારી વિગતો અનુસાર સાબરકાંઠા પોલીસના સુરક્ષા સેતુમાં રૂા.૧,૨૦,૦૦,૦૦૦થી વધુની ઉચાપતની આશંકા છે. જેમાં અગાઉના ડી.એસ.પી. પ્રવિણ માલના પગ નીચે પણ રેલો આવે તેવી લોક ચર્ચા છેડાઈ છે. અત્યારે તો કારકૂન ચિરાગ પંચાલને પોલીસ વિભાગના મોટાં માથાંએ ફસાવ્યાની આશંકા સેવાય છે.




રાજ્યની ભાજપ સરકાર ભ્રષ્ટાચારને નાબૂદ કરવા માટે તનતોડ પ્રયાસ કરી રહી છે પરંતુ સરકારના જ વિવિધ વિભાગોના સરકારી બાબુઓના ઉગાડે છોગ ભ્રષ્ટાચાર જવાળામુખીની જેમ બહાર આવી રહ્યા છે. રાજ્યના ગૃહ વિભાગ દ્વારા અનેક રચનાત્મક અને રસ્તો ભટકેલા બુટલેગરોને યોગ્ય માર્ગે વાળવા માટે સુરક્ષા સેતુના નેજા હેઠળ દર વર્ષે લાખો રૂપિયાની ગ્રાન્ટ આપવામાં આવે છે. ગ્રાન્ટ માટે જે કાર્યક્રમોની જોગવાઈ થઈ છે તે પૈકી સાબરકાંઠા જિલ્લામાં મોટાભાગે માત્ર દેખાડા કરી ગ્રાન્ટો ઓહીયા થઈ ગયાની ગરમા ગરમ ચર્ચા હતી. વર્ષ-૨૦૧૨ થી સાબરકાંઠા પોલીસના સુરક્ષા સેતુ માટે ફાળવેલી ગ્રાન્ટમાંથી માતબર રકમ ઓહીયા થઈ ગઈ છે. જેમાં અગાઉના ડી.એસ.પી.એ કૌભાંડમાં હાથ ભીના કર્યાના આક્ષેપ વચ્ચે એકમાત્ર કારકૂન ચિરાગ પંચાલ સામે જ ગાળીયો મજબૂત બનાવવાનું કારણ શું..?? જો ચિરાગ પંચાલ દોષિત હોય તો છેલ્લા ૨-૩ વર્ષથી તપાસ મંથરગતિએ કેમ ચાલી રહી છે..?? સી.આઈ.ડી. ક્રાઈમ પી.એસ.આઈ., પી.વી.ગોહીલ તપાસ કરી રહ્યા છે. જ્યારે નાયબ પોલીસ અધિક્ષક સૂર્યવંશી પાસે પણ તપાસ ચાલતી હોવાના અહેવાલ છે. ટૂંકમાં રાજ્યના ગૃહ વિભાગ અને રાજ્ય સરકારે પણ કર્મચારી હલાલ ન થઈ જાય તેનું ધ્યાન રાખવું પડશે. કારણ કે કરોડો રૂપિયાની ગ્રાન્ટમાં સાબરકાંઠા પોલીસના સુરક્ષા સેતુમાં ઓડીટમાં આવેલા ગરબડ ગોટાળા પછી કોઈ સીધો સાદો મોટાપાયે ખોટું થયું છે અને તેમાં મોટા અધિકારીઓ સંડોવાયેલા ન હોય તેવું માનવું અશક્ય છે.

**રાત્રે ૨-૦૦ વાગે એફ.આઈ.આર. લખ્યા પછી શું થયું..??**

બાયડ : બહાર આવતી વિગતો અનુસાર સાબરકાંઠા પોલીસના સુરક્ષા સેતુ ગ્રાન્ટના ઓહીયા પાછળ એકમાત્ર કારકૂન ચિરાગ પંચાલને દોષ આપવામાં આવ્યો છે. જ્યારે થોડાક સમય અગાઉ રાત્રે ૨-૦૦ વાગે હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં એફ.આઈ.આર. લખ્યા પછી એકાએક એવું શું થયું કે મામલો દબાવી દીધો..?? કારણ કે તેમાં ઉચ્ચ પોલીસ અધિકારીઓની સ્પષ્ટ સંડોવણી બહાર આવશે તો રાજ્યભરમાં હોબાળો મચી જશે તેવી આશંકાના પગલે કોના ઈશારાથી બી-ડીવીઝન પોલીસે એફ.આઈ.આર. લખવાનું ટાળ્યું હતું.

**તમામ ખર્ચની તપાસ થાય તો રૂા.૫ કરોડથી વધુનું કૌભાંડ**

બાયડ : જાણકાર સૂત્રોએ જણાવ્યું છે કે કારકૂન ચિરાગ પંચાલને બકરો બનાવવામાં આવ્યો છે પરંતુ તે પણ એ દાવનો હતો કારણ કે તેને અનેક બાબતોમાં ખબરીલાલની ભૂમિકા નિભાવી છે. પરંતુ એવું પણ જાણવા મળ્યું છે કે ચિરાગ પંચાલને આ સમગ્ર કેસમાં એકલો જ દોષિત હોય તે પુરવાર કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. તમામ ખર્ચની તપાસ થાય તો રૂા.૫ કરોડથી વધુનું કૌભાંડ બહાર આવી શકે છે.

# રામલલ્લા પ્રત્યેની આસ્થા : અરવલ્લી જિલ્લામાંથી રામ મંદિર નિર્માણ માટે રૂા.૨.૫૬ કરોડ એકત્ર કરાયા

## ૧.૮૦ લાખ પરિવારો અને ૭૫૦ ગામોનો સંપર્ક થયો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧ અયોધ્યામાં નિર્માણ થનાર ભવ્ય રામ મંદિર માટે નિર્માણ નિધિદાન એકત્ર કરવામાં આવી રહ્યું છે ત્યારે અરવલ્લી જિલ્લામાંથી રામ મંદિર નિર્માણ માટે રૂા.૨,૫૬,૬૪,૮૨૯ ની સમર્પણ નિધિ એકત્ર કરાઈ છે. જેમાં જોડાયેલા વાલીઓ અને સભ્યોએ જિલ્લાના ૭૫૦ ગામોનો ઘેર..ઘેર સંપર્ક કરી અથાગ પરીશ્રમ કર્યો હતો. ૭૦૦ થી વધુ કાર્યકરો તેમાં સામેલ થયા હતા. મોડાસા ખાતે શ્રી રામ મંદિર તિર્થ ક્ષેત્ર જિલ્લા તેમજ તાલુકા સમિતિનું એ સાથે જ વિસર્જન કરાયું છે. જ્યારે સમર્પણ નિધિમાં દાનનો આંકડો વધશે તેમ પણ જણાવ્યું છે.



દેશની સર્વોચ્ચ અદાલતે રામ મંદિર મુદ્દે ઐતિહાસિક ચૂકાદો આપ્યા પછી અયોધ્યામાં રામ મંદિર નિર્માણનો માર્ગ સરળ થઈ ગયો ત્યાર પછી રામ મંદિર નિર્માણ માટે ગામે ગામથી સમર્પણ નિધિમાં દાન મળે તેવા પ્રયાસો શરૂ થયા. અરવલ્લી જિલ્લામાં જિલ્લા અને તાલુકા કક્ષાની સમિતિ રચી ગામે ગામ લોક સંપર્ક કરી જે કોઈપણ યથાશક્તિ દાન આપે તે લેવા માટે કાર્યકરો પહોંચ્યા. અરવલ્લીના મોડાસા, ધનસુરા, બાયડ, માલપુર, મેઘરજ અને ભિલોડા તાલુકામાં રામ મંદિર નિર્માણ માટે સમર્પણ નિધિ લેવા ગયેલા કાર્યકરોનું ઉષ્માભેર સ્વાગત કરવાની સાથે કોરોના કાળમાં પાયમાલ થયેલા વેપારીઓ, આમપ્રજા વગેરેએ ઉદાર હાથે ફાળો આપ્યો. અત્યાર સુધીમાં રૂા.૨.૫૬ કરોડ રામ મંદિર નિર્માણ માટે એકત્ર કરાયાનું સમર્થનવાળા સૂત્રોએ જણાવ્યું છે.

# સત્રાંત પરીક્ષા ઉપર જોખમ : સાબરકાંઠા, અરવલ્લીની પ્રા. શાળાઓમાં તા.૧૫ માર્ચથી સત્રાંત પરીક્ષા

## સંક્રમણ વધે તો પરીક્ષા મુલત્વી રહેવાની સંભાવના

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧ રાજકીય મેળાવડામાં ભીડ બેકાબુ થઈ અને રોકવામાં ન આવી જેના કારણે જિલ્લામાં કોરોના વકર્યો છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૩ સરકારી પ્રા.શાળાઓમાં વિદ્યાર્થીઓ કોરોનાથી સંક્રમિત થતાં તા.૧૫ માર્ચથી શરૂ થતી સત્રાંત પરીક્ષા ઉપર જોખમ ઉભું થયું છે. બિનસત્તાવાર બહાર આવેલી વિગતો અનુસાર બંન્ને જિલ્લામાં ૬૦૦ થી વધુ કોરોનાના શંકાસ્પદ કેસ છે પરંતુ આરોગ્ય વિભાગના દફતરે માત્ર જૂજ કેસ દેખાડવામાં આવી રહ્યા છે.

બંન્ને જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યનો ચૂંટણી જંગ જાહેર થયો અને જ્યારથી ઉમેદવારીપત્રો રજૂ થયા ત્યારથી કોવિડ-૧૯ ગાઈડલાઈન ભૂલાઈ. પ્રચાર-પ્રસાર દરમ્યાન ભીડ એકઠી થાય તે સમજાય પરંતુ માસ્કનો ઉપયોગ થયો હતો, સોશ્યલ ડિસ્ટન્સ સંપૂર્ણ ભૂલાયું જેનું પરિણામ એ આવ્યું કે ચૂંટણીના માહોલ દરમ્યાન જ અનેક લોકો કોરોનાથી સંક્રમિત થઈ હોમ ક્વોરન્ટાઈન થઈ ગયા અને હવે કોરોનાનું સંક્રમણ શૈક્ષણિક સંકુલો સુધી પહોંચ્યું છે. ધનસુરા અને ઈડર તાલુકાની શાળાઓમાં અભ્યાસ કરતા ૫ જેટલા વિદ્યાર્થી કોરોનાથી સંક્રમિત થયા છે. જ્યારે તેમના સંપર્કમાં આવેલા અન્ય વિદ્યાર્થીઓમાં પણ કોરોનાનાં લક્ષણો હોવાની આશંકા છે. આ સંજોગોમાં વાર્ષિક પરિણામ માટે તા.૧૫ માર્ચથી તમામ સરકારી પ્રા.શાળાઓ સહિત ખાનગી શાળાઓમાં સત્રાંત પરીક્ષા શરૂ થઈ રહી છે. પરંતુ કોરોના દેખાતાં વાલીઓ પોતાના સંતાનોને શાળામાં મોકલશે કે કેમ..?? તે યજ્ઞ પ્રશ્ન સામે આવ્યો છે.

# સોશ્યલ એક્ટીવીટીમાં બેસ્ટ વુમન એવોર્ડ, સરડોઈ રાજપૂત સમાજનું ગૌરવ

સરડોઈ, તા.૧૧ ગુજરાત સ્ટેટ કમિશન ફોર વુમન અને નેશનલ કમિશન ફોર વુમનના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગરના સેક્ટર-૧૨ સ્થિત આંબેડકર ભવનમાં તાજેતરમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી જેમાં જિલ્લાના ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં મૂળ



મોડાસા તાલુકાના સરડોઈના વતની અને ઈન્ડીયન સ્વર્ણિમ-ગાંધીનગરના ઉપપ્રમુખ, સચિવાલયના શિક્ષણ વિભાગમાં ફરજ બજાવતા ગીતાબા ચૌહાણને સોશ્યલ એક્ટીવીટીમાં બેસ્ટ વુમન તરીકેનો એવોર્ડ આપી સન્માનિત થતાં સમસ્ત સરડોઈ રાજપૂત સમાજનું ગૌરવ વધારતાં સૌ અભિનંદન પાઠવ્યા હતા.

# જિલ્લામાં વરીયાળીના તૈયાર પાકમાં જીવાતોનો ઉપદ્રવ

## વધુ ઉત્પાદનની આશા ઉપર પાણી ફરી વળે તેવી સ્થિતિ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૧ આ વર્ષે રવી સીઝનની ખેતી કરનારા ખેડૂતોને વિષમ હવામાની સાથે પાકમાં રોગચાળો તેમજ જીવાતોના ઉપદ્રવથી ઉત્પાદનમાં ઘટ સહન કરવાનો વારો આવ્યો છે. જિલ્લામાં શિયાળુ સીઝનમાં ખેડૂતો ઘઉંનું વાવેતર કરવાની સાથે વરીયાળીના સારા ભાવ મળતા હોવાથી તેના વાવેતર ઉપર વધુ મદાર રાખતા હોય છે. બંન્ને જિલ્લામાં વરીયાળીનો પાક તૈયાર થઈ ગયા પછી હમણાંથી મોલોમસી જીવાતનો ઉપદ્રવ અનેક ગણો વધી જતાં વરીયાળીના ઉત્પાદનને ફટકો પડવાની દહેશત ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે. વધતી જતી મોંઘવારીમાં રાસાયણિક દવાઓના ભાવમાં વધારો થયો છે તેમ છતાં બંન્ને જિલ્લામાં અંદાજીત ૫૦૦૦થી વધુ હેક્ટરમાં વરીયાળીના પાકને જીવાતથી બચાવવા માટે ખેડૂતોએ વરીયાળીના ખેતરોમાં દવા છંટકાવ શરૂ કર્યો છે. મોલોમસી જીવાતનો ઉપદ્રવ અનેક ગણો વધી ગયો છે. વરીયાળીના દાણાને કોરી ખાતી જીવાતના કારણે ખેડૂતોએ ધારેલા ઉત્પાદનમાં ઘટાડો આવે તેવી દહેશત



જિલ્લામાં રવી સીઝનની ખેતી પૂર્ણ થઈ છે. ખેતરોમાં વાવેતર થયેલા પાક તૈયાર થતાં મોટાપાયે કાપણીનો ધમધમાટ શરૂ થતાં ખેતસીમાડા ખેડૂતો અને ખેતમજૂરોની હાજરીથી ચેતનવંતા બન્યા છે. મુખ્ય પાક ગણાતા ઘઉંની કાપણી શરૂ થયા પછી હવે વરીયાળીનો પાક તૈયાર થતાં ખેડૂતોએ પાક કાપણી માટે માંડ તૈયારી હાથ ધરી છે ત્યાં જિલ્લાના અનેક વિસ્તારોમાં વરીયાળીના ઉભા પાકમાં વ્યક્ત થઈ છે. આ વર્ષે વરીયાળીનું વાવેતર થયા પછી પાક માટે વિષમ હવામાનની સ્થિતિ ઉભી થઈ ત્યારથી ખેડૂતો ચિંતામાં સરી પડ્યા હતા. જો કે ત્યારબાદ હવામાન અનુકુળ થવાની સાથે વરીયાળી માટે અનુકુળ ઠંડીની જમાવટ થતાં ખેતરોમાં વરીયાળીનો પાક લહેરાઈ ઉઠ્યો હતો. પરંતુ પાક તૈયાર થયા પછી મોલોમસીનો ઉપદ્રવ સવિશેષ વધી ગયો છે જેના કારણે ખેડૂતો દવા છંટકાવ કરવા માટે મજબૂર બની ગયા છે.

# પ્રાંતિજ ખાતે શ્રી માલ્કડેશ્વર મહાદેવ દાદાની સવારી નિકળી હતી

## દાદા એ ભક્તોના ઘરે ઘરે જઇ પધરામણી કરતાં ભક્તોએ દાદાની આરતી ઉતારી પ્રસાદ વહેંચી ધન્યતા અનુભવી : શ્રી માલ્કડેશ્વર મહાદેવ દાદાની સવારી જન્માષ્ટમી દિવસે તથા શિવરાત્રી દિવસે વર્ષ માં બે વાર નિકળે છે : માસ્ક સોશિયલ ડીસ્ટન સાથે પાલખી નિકળી

પ્રાંતિજ તા.૧૧ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ શ્રી માલ્કડેશ્વર મહાદેવ દાદાની દરવર્ષની જેમ આ વર્ષેપણ મંદિર ના વ્યવસ્થા સ્થાપકો દ્વારા




વાજતે ગાજતે સવારી કાઢવામાં આવીહતી જેમાં શિવભકતો દ્વારા શ્રી માલ્કડેશ્વર દાદાની પધરામણી ધરે કરાવી આરતી ઉતારી પ્રસાદ વહેચી ધન્યતા અનુભવી હતી.

નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ પાંડવો ના સમયથી અતિ પ્રાચીન મંદિર શ્રી માલ્કડેશ્વર મહાદેવ ની દરવર્ષ ની જેમ શિવરાત્રી ના દિવસે પાલખી સ્વરૂપે નગરયાત્રા કાઢવામાં આવીહતી અને અગાઉ થી નોંધણી થયેલ શિવભકતો ના ધરે દાદાની પધરામણી કરવામાં આવીહતી જયારે શ્રી માલ્કડેશ્વર મહાદેવ દાદાની સવારી વર્ષ માં બે વખત નિકળે છે.જેમાં શિવરાત્રી તથા જન્માષ્ટમી એમાં શિવરાત્રી ના દિવસે દાદાની સવારી નાનીભાગોળ , બજારચોક તથા ગામના અંદર ના રૂટો માં જાયછે જયારે જન્માષ્ટમી ના દિવસે હાઈવે એપ્રોચરોડ થી ભાંખરીયા વિસ્તારમાં આવેલ વિવિધ સોસાયટી ઓમાં તથાદુકાનો માં પધરામણી થાયછે.આમ આવર્ષે પણ શ્રી માલ્કડેશ્વર દાદાની સવારી દરવર્ષ ની જેમ ઢોલ નગારા સાથે વાજતે ગાજતે નિકળી હતી અને દાદાએ ભક્તોના ધરે ધરે જઈ આશીવાર્દ આપ્યાહતા.જયારે ભકતો દ્વારા દાદાની પધરામણી કરાવી દાદાની આરતી ઉતારી પોતે ધન્યતા અનુભવી હતી દરવર્ષ દાદાની પાલખી ભૂદેવો તથા પટેલ સમાજ ના યુવાનો દ્વારા નિયત સમયે અને અગાઉ નકકી કરેલ રૂટ ઉપર થઇ દાદાની સવારી ભકતો ના ધરે ધરે લઈ જવામાં આવેછે અને સંધ્યાકાળ પહેલાં દાદા સવારી પરત મંદિરમાં પહોચી જાય છે જોકે કોરોનાની મહામારી ને લઈ ને માસ્ક તથા સોશિયલ ડીસ્ટન સાથે દાદાની પાલખી નિકળી હતી અને પાલખી મા ફરજીયાત માસ્ક પહેરેલ શિવભકતો જોવા મળ્યા હતા.

# અણસોલ ચેક પોસ્ટ પાસે ટ્રકમાંથી ૭.૨૧ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો

## ટ્રક ચાલકને ઝડપી પાડવામાં પોલીસ નિષ્ફળ : ટ્રક સહિત વિદેશી દારૂના મુદ્દામાલ ઝડપી પાડવાના મોટાભાગના કેસોમાં આરોપી ફરાર થઈ જતા પોલીસ શંકાના દાયરામાં

બાયડ , (બ્યુરો ઓફિસ) તા.૧૧ વિદેશી દારૂ - બિયર તથા નશીલા પદાર્થોની હેરાફેરી માટે શામળાજી ઉદેપુર હાઈવે નંબર ૮ ઉપર આવેલી અણસોલ ચેકપોસ્ટ ગુનાહિત પ્રવૃત્તિઓ આચરવા ટેવાયેલા ગુનેગારો માટે સિલ્ક રૂટ





સમાન માનવામાં આવે છે શામળાજી સહિત અરવલ્લી જિલ્લા પોલીસ વિભાગની એલસીબી, એસોઓજી પોલીસ દ્વારા દિન-પ્રતિદિન ચેકપોસ્ટ ઉપરથી પસાર થતી ગાડીઓમાંથી વિદેશી દારૂ - બિયર તથા નશીલા પદાર્થોને ઝડપી પાડવામાં સફળતા મેળવી છે પરંતુ ટ્રક કે અન્ય ગાડી ના ચાલકો પોલીસની નજર સામેથી છૂમંતર થઈ જતા હોવાના પોલીસ દફતરે કેસો નોંધાયેલ જોવા મળી રહ્યા છે ત્યારે અરવલ્લી જિલ્લા પોલીસ વિભાગની ખરડાયેલી છબીને લઈને લોકોમાં અનેક પ્રકારના તર્ક-વિતર્ક સાથે પોલીસ અંગે અનેક સવાલો ઉભા થવા પામ્યા છે.

શામળાજી પોલીસે ગતરોજ ગુરુવારે શામળાજી - ઉદેપુર નેશનલ હાઈવે નંબર ૮ ઉપર આવેલ અણસોલ ચેક પોસ્ટ ઉપરથી વાહન ચેકીંગ દરમ્યાનમાં રાજસ્થાન તરફથી આવતી ટ્રકમાંથી ૭.૨૧ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો હતો પરંતુ ટ્રક ચાલકને ઝડપી પાડવામાં પોલીસ નિષ્ફળ જતાં પોલીસની કામગીરી શંકાના દાયરામાં આવી ગઈ હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. પોલીસ મહાનિરીક્ષક અભય ચુડાસમા ગાંધીનગર તથા પોલીસ અધીક્ષક સજય ખરાત દ્વારા વિદેશી દારૂની હેરાફેરી અટકાવવા સુચના આપી હતી જે અન્વયે આજરોજ અણસોલ ચેક પોસ્ટ ઉપર ફરજ ઉપરના પોલીસ સ્ટાફના માણસો રાજસ્થાન રાજ્યમાંથી ગુજરાતમાં પ્રવેશ કરતા શંકાસ્પદ વાહનોનું ચેકીંગ કરતા હતા તે દરમ્યાન એક ટ્રક ગાડી નંબર. ઈન્ન૩૬૫છ૩૪૭૭નો ચાલક પોતાના કબ્જાની ટ્રક ગાડીમાં પ્રોહી પ્રતિબંધક એરીયામાં અન્ય રાજ્યમાંથી પરીવહન કરી વિદેશી દારૂની પેટીઓ નંગ-૨૦૦ જેની કૂલ બોટલો નંગ-૨૪૦૦ જેની કિ.રૂ.૭,૨૧,૨૦૦/-નો મોટો પ્રોહીનો જથ્થો ભરી લઈ આવતા ચેક પોસ્ટ ઉપર ટ્રક ઉભી રખાવતા પોતાની ટ્ર્ક ગાડી મુકી નજીકમાં આવેલ ડુંગર વિસ્તારની આડ લઈ ભાગી ગયેલ હતો પોલીસે ટ્રક ગાડીના ચાલક વિરૂધ્ધમાં શામળાજી પોલીસ સ્ટેશન પાર્ટ સી ૧૧૧૮૮૦૧૦૨૧૦૦૮૦/૨૦૨૧ ધી પ્રોહી. એકટ ક.૬૫.(એ),(ઈ), ૧૧૬બી, ૯૮(૨),૮૩ મુજબનો ગુન્હો રજિસ્ટર કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

# હિંમતનગરના ભોલેશ્વર મંદિર પરિસરમાં શ્રદ્ધાળુઓએ રંગોળી પુરી બાર જ્યોતિર્લીંગના દર્શન કરાવ્યા



હિંમતનગર તા.૧૧ હિંમતનગર શહેરના ભોલેશ્વર મંદિરમાં મહા શિવરાત્રી પર્વ નિમિત્તે વહેલી સવારથી જ ખૂબ જ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓની ભીડ જોવા મળી હતી કોરોના ગાઈડ લાઈન્સનના નિયમોને અનુસરીને શ્રદ્ધાળુ - દર્શનાર્થીઓ ભક્તો દ્વારા શિવજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી તેમજ મહા શિવરાત્રીના પર્વને લઈને શ્રધ્ધાળુઓ ભારે ઉત્સાહ વચ્ચે મંદિર પરિસરમાં રંગોળી પુરી ૧૨ જ્યોતિર્લીંગના દર્શન કરાવવામાં આવ્યા હતા.

# બેસણામાં વિશ્વ શાંતિ અર્થે સવા મણ રૂ અને ૫૦ કિલો ઘી થી શિવજીની ૫૦ ફુટ ઉંચી પ્રતીમા સમક્ષ મહા જ્યોત પ્રજ્વલિત કરવામાં આવી



બાયડ તા.૧૧ સમગ્ર જીવ સૃષ્ટિના કલ્યાણ હેતુ સમુદ્ર મંથન દરમિયાન હળાહળ ઝેર પોતાના ગળામાં કંઠસ્થ કરનાર ભગવાન ભોળાનાથની મહાશિવરાત્રી મહાપર્વ શિવરાત્રીના દિવસે હિંમતનગર તાલુકાના બેરણા ગામમાં સ્થિત દેવોના દેવ ભોળાનાથ - શિવજીની ૫૦ ફૂટની પ્રતિમા સમક્ષ સવામણ રૂ અને ૫૦ કિલો ઘી દ્વારા વિશ્વ શાંતિ અર્થે મહાજ્યોત પ્રજ્વલિત કરવામાં આવી હતી જેમાં દુર - દુર થી ખૂબ જ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુ દર્શનાર્થીઓ એ વિશ્વ શાંતિ અર્થે પ્રચલિત કરવામાં આવેલી મહાજ્યોત સહિત ભોળાનાથના દર્શન કરી ધન્યતા અનુભવી હતી

**જન્મદિને વધામણી**



**પટેલ નિર્મલા રાજેશભાઈ**
**બાયડ**